Saturday
25.05.2024
✳Volume :8 ✳ Issue No.304
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

## હરયાણામાં ટેમ્પો ટ્રાવેલર અને ટ્રૉલી વચ્ચે ગંભીર માર્ગ અકસ્માત, ૬ લોકોના મોત, ૧૮ થી વધુ ઘાયલ

### ઉત્તર પ્રદેશના બુલંદશહેરથી વૈષ્ણોદેવીના દર્શન કરવા જતાં સમયે નડયો અકસ્માત



અંબાલા,તા. ૨૪

અંબાલા-દિલ્હી હાઈવે પર મોહરા પાસે રાત્રે લગભગ ૨ વાગ્યે ઉત્તાર પ્રદેશના બુલંદશહેરથી વૈષ્ણોદેવીના દર્શન માટે જઈ રહેલા પરિવારની ટેમ્પો ટ્રાવેલર એક ટ્રૉલી સાથે અથડાતાં ગંભીર અકસ્માત થયો હતો, માં કુલ ૨૬ લોકો સવાર હતા. તેમાંથી એક છ મહિનાની માસૂમ બાળકી સહિત સાતના કરુણ મોત થયા અને ૨૦ લોકો ઘાયલ થયા હતા.

અકસ્માત એટલો દર્દનાક હતો કે ટેમ્પો ટ્રાવેલરનો એક ભાગ સંપૂર્ણ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો, કેટલાક ઈજાગ્રસ્તો ટ્રાવેલરમાં જ ફસાઈ ગયા હતા. ચીસો સાંભળ્યા બાદ ત્યાંથી પસાર થતા લોકોએ ઈજાગ્રસ્તોને બચાવ્યા અને પોલીસની મદદથી એમ્બ્યુલન્સ મારફતે કેન્ટોનમેન્ટ સિવિલ હોસ્પિટલ અને આદેશ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોર્ચરીમાં રાખવામાં આવ્યા હતા. મોહરા પોલીસે આ કેસની તપાસ શરૂ કરી છે. ઘટનાસ્થળે માહિતી આપતા ઘાયલ ધીરજે જણાવ્યું કે તે ૨૩ મેની સાંજે વૈષ્ણોદેવી જવા નીકળ્યો હતો અને બધા એક જ પરિવારના સભ્યો છે. જાખોલી, સોનીપતના રહેવાસી વિનોદ (૫૨), મનોજ (૪૨) અને બુલંદશહર કકૌર, યુપીના ગુડ્ડી, યુપીના હસનપુરના વૃદ્ધ મહેર ચંદ, કકૌર, યુપીના રહેવાસી સતબીર (૪૬), દીપ્તિ (૬ મહિના)નું મૃત્યુ થયું હતું, હાલમાં કેટલાક ઘાયલોની હાલત ખૂબ નાજુક છે. આ ભયાનક અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોની ઓળખ બુલંદશહરના રહેવાસી ૫૦ વર્ષીય રાજીન્દ્ર, ૩૭ વર્ષની કવિતા, ૧૫ વર્ષીય વંશ, ૨૦ વર્ષીય સુમિત, ૪૦ વર્ષીય સરોજ, જાખોલી, સોનીપત, ૧૫ વર્ષીય નવીન, ૫૦ વર્ષીય નવીન તરીકે થઈ છે. મુગલપુરી, દિલ્હીના રહેવાસી વૃદ્ધ લલતા પ્રસાદ, ૪૨ વર્ષીય અનુરાધા, મુગલપુરી, બુલંદશહેરની રહેવાસી ૨૩ વર્ષીય શિવાની, ૨૩ વર્ષની શિવાની, ૪ વર્ષનો પુત્ર આદર્શ, યુપીના ધનકૌર પાસે જમાલપુરની રહેવાસી ધીરજ ઘાયલ થયા છે.



## પીએમ મોદીએ પહાડો પર જઈને હિમાચલના પ્રાકૃતિક સૌંદર્યની તસવીરો લીધી

શિમલા/મંડી, તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હિમાચલ પ્રદેશના ચૂંટણી પ્રવાસે હતા તે દરમિયાન તેમને ચૂંટણીની હોડ વચ્ચે પહાડો પર જઈને હિમાચલના પ્રાકૃતિક સૌંદર્યની તસવીરો લીધી હતી. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર કહ્યું કે વ્યસ્ત ચૂંટણી પ્રચાર વચ્ચે, હું સુંદર કુદરતી દ્રશ્યોની કેટલીક ઝલક કેમેરામાં કેદ કરવાથી મારી જાતને રોકી શક્યો નહીં. અહીં હિમાચલમાં રહેવાથી અહીંની મારી અગાઉની મુલાકાતોની ઘણી યાદો તાજી થઈ. આ રાજ્ય સાથે મારો સંબંધ ખૂબ જ મજબૂત છે. હિમાચલ પ્રદેશ જોવા જેવું છે. તે પહેલા પીએમ મોદીએ મંડી લોકસભા સીટ પરથી બીજેપી ઉમેદવાર કંગના રનૌત માટે પ્રચાર કર્યો હતો. તેમને કહ્યું કે, મંડી મતવિસ્તારમાંથી બીજેપી ઉમેદવાર કંગના રનૌત યુવાનો અને અમારી દીકરીઓની આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે મતદારોને વિનંતી કરી કે તેઓ રાણાવત વિરુદ્ધ અપમાનજનક નિવેદનો કરવા બદલ કોંગ્રેસને જડબાતોડ જવાબ આપે. મોદીએ રનૌત વિરુદ્ધ કરવામાં આવેલી ટિપ્પણીઓને મંડી અને હિમાચલ પ્રદેશનું અપમાન પણ ગણાવી હતી. મોદીએ કહ્યું, મારા પર એક ઉપકાર કરો, તમામ ગામડાઓમાં મંદિરોમાં જાઓ અને વિકસિત દેશ માટે તમામ દેવી-દેવતાઓના આશીર્વાદ લો. કંગના તમારો અવાજ બનીને બજારના વિકાસ માટે કામ કરશે.

## અરે બાપ રે.. ગુજરાતની આ ભયાનક ગરમી તો જીવલેણ બની



સુરત/વડોદરા,તા. ૨૪

ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ પડી રહ્યો છે. અંગ દઝાડતી ગરમી હવે લોકોના જીવ પણ લઈ રહી છે. વિરમગામમાં ગરમીના લીધે ૭૦ વર્ષીય વૃદ્ધનું મોત થયુ છે. વિરમગામ રેલવે કોલોની પાસે હીટવેવથી થયું વૃદ્ધનું મોત. અમદાવાદ જિલ્લામાં ગરમીને કારણે રેડ એલર્ટ છે. અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં ગરમીથી ૨ લોકોના મોત થયા છે. સિવિલ હોસ્પિટલમાં ૪૧ દર્દીઓ દાખલ છે, જેમાં ૧૦ લોકોની સ્થિતિ ગંભીર છે. હિટ સ્ટ્રોકને લઈને દર્દીઓ માટે અગલ વોર્ડ શરૂ કરાયો છે. રેડ અલર્ટના કારણે સાંજના સમયે હિટ સ્ટ્રોકના કેસો વધ્યા છે. લૂ લાગવી, માથુ દુખવું, બેભાન થઈ જવા જેવા લક્ષણો સામે આવ્યા છે. દાહોદના ધાચીવાડ અને સીગવડનામા બપોરના સમયે ખેતરમા કામ કરતી મહિલાનું મોત થયું છે. પ્રાથમિક અનુમાનમાં સામે આવ્યું છે કે, ગરમીના કારણે બંન્ને મહિલાનું મોત થયું છે. અત્રે જણાવીએ કે, તાપમાનનો પારો ૪૫ ડિગ્રીને પાર જતા લોકોને ચક્કર આવવા, લૂ લાગવી જેના અનેક બનાવો સામે આવી રહ્યાં છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગરમીમા બહાર ન નીકળવા અપીલ કરાઈ છે. વડોદરામાં રેકોર્ડબ્રેક ૪૫ ડિગ્રી ગરમીમાં શહેર શેકાયું છે. વડોદરામાં ગભરામણ અને હાર્ટ એટેકનાં કારણે ૫ વ્યકિતનાં મૃત્યું નિપજ્યા છે. વર્ષ ૨૦૧૬માં વડોદરામાં ૪૪.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે ગઈકાલે તાપમાનનો પારો ૪૫ ડિગ્રીને પાર પહોંચ્યો હતો. આકરી ગરમીનાં કારણે રોનાલ્ડ રોય (ઉ.વર્ષ.૨૩) દિલીપ કાકરે (ઉ.વર્ષ. ૬૫), નવીન વસાવા (ઉ.વર્ષ. ૭૫), શાંતાબેન મકવાણા (ઉ.વર્ષ. ૬૩), પીટર સેમ્યુઅલ (ઉ.વર્ષ.૪૭) નુ મૃત્યું થતા પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. સુરતમાં આકરી ગરમીની અસર વર્તાઈ રહી છે. ત્યારે સુરતમાં હીટવેવથી શહેરમાં ૯ થી વધુનાં મોત થયા હતા. છેલ્લા ૪૮ કલાકમાં ગરમીથી ૧૯ લોકોનાં મોત થયા હતા. તમામ મૃતકો ૩૬ થી ૪૮ વર્ષની વયનાં હોવાનો ખુલાસો થવા પામ્યો છે. આ તમામ લોકોનાં ગભરામણ તેમજ બેભાન થઈ જવાની ફરિયાદ બાદ મોત થયા હતા. મહાનગરપાલિકા અને પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. આશ્રય વિહોણાં ૧૪૬ થી વધુ લોકોને શેલ્ટર હોમમાં ખસેડાયા છે. તેમજ ફૂટપાથ પર રહેતા લોકો હીટવેવનો શિકાર ન બને તે માટે કામગીરી કરાઈ છે.

## ઉદેપુર હાઈવે પર અકસ્માતમાં એક રાહદારીનું મોત થતા ગ્રામજનોએ ચક્કાજામ કર્યા હતા

### અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે પર પોલીસ અને ગ્રામજનો વચ્ચે ઘર્ષણ



અમદાવાદ,તા. ૨૪

બે રાજ્યો ને જોડતા મુખ્ય હાઈવે પર થયો હતો મોટો ટ્રાફિક જામ, ગાડીઓ અને ટ્રકોની મોટી કતારો જોવા મળી હતી. અમદાવાદ-ઉદેપુર હાઈવે પર એક વ્યક્તિનું અકસ્માતમાં મોત થતા ગ્રામજનોએ હાઈવે પર ચક્કાજામ કર્યા હતા. અકસ્માતમાં રાહદારીનું મોત થતા ગ્રામજનો અને પોલીસ આમને સામને આવી ગઈ હતી. જો ઘટનાની વાત કરીએ તો સાબરકાંઠાના ગામડી ગામ પાસેથી પસાર થતો અમદાવાદ છોટાઉદેપુર નેશનલ હાઈવે ૪૮ પર પુરપાટ ઝડપે જતા વાહનથી મોત થયુ છે. આ સમગ્ર ઘટના બાદ ગ્રામજનો આક્રોશમાં આવી રસ્તા પર આવી ગયા હતા અને હાઈવે બંધ કરાવી દીધો હતો.આ દરમિયાન ઘટનાસ્થળે આવેલી પોલીસને પણ ગ્રામજનોએ નિશાને લીધી અને પોલીસ પર ગ્રામજનોએ પથ્થરમારો કર્યો હતો. તેમજ પોલીસની ૩ ગાડીઓ પર પથ્થરમારો કર્યો હતો. એક પોલીસની ગાડીને આગ લગાડી હતી. ગ્રામજનોના ટોળાને દૂર કરવા માટે પોલીસે લગભગ ૧૨૦ જેટલા ટિયર ગેસના સેલ છોડાયા હતા. આ સમગ્ર ઘટનામાં ગ્રામજનોની હાઈવે પર ઓવરબ્રિજની માગનું કારણ બહાર આવ્યું હતું. હાઈવે પર વારંવાર રાહદારીઓ જોખમી રીતે રસ્તો પસાર કરતા હોવાથી ઓવરબ્રિજની માગ કરવામાં આવી હતી અને ઓવરબ્રિજ મંજૂર પણ થઈ ગયો છે પરંતુ તેનું કામ શરુ થયું નથી. જેથી કરીને ગ્રામજનોમાં આક્રોશ છે.

### કેદારનાથ ધામમાં મોટી દુર્ઘટના ટાળી

## હેલ્યાંડિગ- હેલિકોપ્ટર હેલિપેડ સુધી આવતા પહેલા ટેકિનકલ ખામી સર્જાઈ, પણ પાયલટ અને યાત્રીઓ સુરક્ષિત



કેદારનાથ,તા. ૨૪

કેદારનાથ ધામમાં એક મોટી દુર્ઘટના ટળી હતી. કેદ્રનાથ ધામમાં હેલીપેડ પાસે હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ થયું હતું. આ ઘટના માં હેલિકોપ્ટર ગ્રાઉન્ડ પર લેન્ડિંગ કરતાં પહેલા ડગમગવા લાગ્યું, એક નાનું ગોળ ચક્કર પણ માર્યું પણ પાયલોટે તેની બુદ્ધિમત્તાથી તેને સુરક્ષિત રાખવામાં વ્યવસ્થાપિત કરી અને ૭ લોકો (પાયલોટ સહિત)ના જીવ બચાવ્યા. આ ઘટનાનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. લોકો તેને બાબા કેદારની કૃપા કહી રહ્યા છે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારી નંદન સિંહ રાજવારે જણાવ્યું હતું કે, સવારે લગભગ ૭ વાગ્યે ક્રેટન એવિએશન કંપનીના હેલિકોપ્ટરે શેરસીથી ૬ મુસાફરો સાથે કેદારનાથ માટે ઉડાન ભરી હતી. ટેકિનકલ ખામીના કારણે હેલિકોપ્ટર સામાન્ય રીતે ઉતરી શક્યું ન હતું. હેલિકોપ્ટર હેલિપેડથી લગભગ ૧૦૦ મીટર પહેલા હવામાં ડગમગ થઈ હતું. પાયલોટ કેપ્ટન કલ્પેશે પરિસ્થિતિને કાબુમાં લીધી હતી. હેલિકોપ્ટરને સુરક્ષિત રીતે લેન્ડ કરાવ્યું. તમામ ભકતો સુરક્ષિત છે. રુદ્રપ્રયાગ જિલ્લા મેજિસ્ટ્રેટ સૌરભ ગહરવારે જણાવ્યું કે પાયલટની સમજદારીને કારણે મોટી દુર્ઘટના ટળી હતી. તેમણે કહ્યું કે ટેકનિકલ ખામીની જાણકારી મળ્યા બાદ પાયલોટે ધીરજ ગુમાવી ન હતી અને હેલિકોપ્ટરનું સુરક્ષિત રીતે ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું. ઘટના બાદ પોલીસ અને પ્રશાસનના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને મુસાફરોની મદદ કરી અને તેમને મંદિર સુધી લઈ ગયા. હેલિકોપ્ટરમાં તમિલનાડુના છ ભકતો હતા

## વડોદરામાં ટ્રાફિક પોલીસે ન્યાય મંદિર વિસ્તારના સાયકલ બજારના દબાણો હટાવ્યા



વડોદરા,તા. ૨૪

વડોદરા પોલીસ એકશન મોડમાં આવી ગઈ છે, વારંવાર રસ્તાઓ પર ટ્રાફિકના કારણે લોકોને પડી રહેલી હાલાકી ને દુર કરવા માટે શહેરના ન્યાય મંદિર વિસ્તારના મદન ઝાંપા રોડના સાયકલ બજારમાં ટ્રાફિક પોલીસની ટીમે સપાટો બોલાવ્યો હતો. બંને તરફના ફૂટપાથ સહિત અડધા રસ્તે દુકાનદારો દ્વારા રોજિંદા દબાણો કરી દેવાતા વારંવાર થતાં ચક્કાજામના કારણે ટ્રાફિક પોલીસ દ્વારા દબાણો દુર કરવામાં આવ્યા હતા. શહેરના ખંડેરાવ માર્કેટ આસપાસ અને ગુરુદ્વારા સહીત અન્ય વિસ્તારમાં લારી ગલ્લાના ગેરકાયદે દબાણો અને ફુટના દુકાનદારો દબાણ કરીને ફૂટપાથ પર ચાલવાની જગ્યા પર પોતાનો સામાન મૂકી દઈ ગેરકાયદેસર રીતે કામ ધંધો ચલાવતા, જેથી વાહન લઈને વિસ્તારમાંથી પસાર થવું મુશ્કેલી ભર્યું થઈ ગયું હતું. લોકોને ચાલવાની જગ્યા મળતી ન હતી. જેથી તાત્કાલિક ધોરણે ટ્રાફિક પોલીસની ટીમ દ્વારા દબાણો દુર કરવામાં આવ્યા હતા. પરિણામે દબાણ કરનારાઓમાં ભાગદોડ મચી હતી. જ્યારે રસ્તા ખુલ્લા થતા વાહન વ્યવહાર સરળ થયો હતો અને રાહદારીઓને ચલ્વામાંતે ફૂટપાથ પર પણ બરાબર જગ્યા મળી હતી. બીજી બાજુ રાજ મહેલ રોડ પર ઈલેક્ટ્રિક અને ઈલેકટ્રોનિક્સના દુકાનદારો સહિત મંગળ બજારના સાયકલ બજારમાં ત્રાટકેલી ટ્રાફિક પોલીસની ટીમથી આ વિસ્તારોમાં નાસભાગ મચી ગયો હતો. પોલીસે છ જેટલા ટુવિલર વાહનો પણ કબજે કર્યા હતા.

## પહેલો વરસાદ જ કેરળ માટે બન્યો મુસીબત; અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ, ૪ લોકોના મોત



તિરુવનંથપુરમ, તા. ૨૪

આ વર્ષે ચોમાસાએ કેરળમાં વહેલી દસ્તક દીધી છે, પણ આ પહેલો વરસાદ જ લોકો માટે મોટી મુસીબત બન્યો હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા છે તે ઘણા ચિંતાજનક છે. રાજસ્થાન, ઉત્તર પ્રદેશ ગુજરાતમ મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ સહિત દેશના અનેક રાજ્યો કાળઝાળ ગરમીનો સામનો કરી રહ્યા છે ત્યારે ચોમાસું કેરળ પહોંચી ચૂક્યું છે. કાળઝાળ ગરમી વચ્ચે કેરળમાં વરસાદની શરૂઆત થઈ. પરંતુ, લોકો રાહત મેળવે તે પહેલાં જ મુસીબતના દશ્યો સામે આવવા લાગ્યા છે. પહેલાં જ વરસાદમાં કેરળના રસ્તા પાણી-પાણી થઈ ગયા હોવાની ઘટના સામે આવી છે.

તો કેટલાંક રહેણાંક વિસ્તારોમાં પણ વરસાદના પાણી ફરી વળ્યા હોવાના અહેવાલ છે. બીજી તરફ ભારે વરસાદને પગલે દરિયાના મોજા પણ તોફાની બન્યા છે અને એટલે જ દરિયા કિનારાના વિસ્તારોમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, તો અમુક વિસ્તારોમાં થોડા સમય માટે વીજળી પણ ગુલ થઈ ગઈ હતી. હજુ તો વરસાદી મૌસમની શરૂઆત જ થઈ છે ત્યાં જ કેરળમાં ૪ લોકોના મોત નિપજ્યા હોવાના પણ ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા એર્નાકુલમ, ત્રિશૂર, ઈડુક્કી, પલક્કડ, મલપ્પુરમ, કોઝિકોડ અને વાયનાડ જિલ્લામાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. લોકોને સતર્ક કરવામાં આવ્યા છે. એટલું જ નહીં મદદ માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કરાયા છે. આ વર્ષના પહેલા વરસાદમાં સૌથી ચિંતાજનક દશ્યો કેરળના દરિયાકિનારે જોવા મળી રહ્યા છે કે જ્યાં મોજા ખૂબ જ તોફાની અને ઊંચા બન્યા છે. કાંઠાના કેટલાંક વિસ્તારોમાં ૩.૩ મીટર ઊંચી લહેરો ઉઠી રહી છે. માછીમારોને નવી સૂચના ન મળે ત્યાં સુધી દરિયો નહીં ખેડવાની ચેતવણી આપવામાં આવી છે. ૨૬ મે સુધી કેરળમાં ભારે પવન અને વીજળી સાથે વરસાદ પડવાની શક્યતા છે. હાલ તો શરૂઆતના દશ્યો જ આવા ભયનજક છે ત્યારે આવનારી પરિસ્થિતિ શું હશે તે અંગેલોકો ચિંતામાં મુકાયા છે પણ થોડા કલાકો બાદ વરસાદની ગતિ ધીમી થતાં અમુક વિસ્તારોમાં પાણી ઉતરવા લગતા લોકોની તકલીફોમાં ઘટાડો પણ જોવા મળ્યો હતો.

## તંત્રી સ્થાનેથી......

આરએમએસ ૨૦૨૪-૨૫ દરમિયાન ઘઉંની ખરીદી સમગ્ર દેશમાં મુખ્ય ખરીદી કરતા રાજ્યોમાં સરળતાથી ચાલી રહી છે. સેન્ટ્રલ પૂલમાં આ વર્ષે અત્યાર સુધીમાં ૨૬૨.૪૮ એલએમટી ઘઉંની ખરીદી થઈ ચૂકી છે, જે ગયા વર્ષની કુલ ૨૬૨.૦૨ એલએમટીની ખરીદીને પાર કરી ગઈ છે. આરએમએસ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૨૨.૩૧ લાખ ખેડૂતોને લાભ થયો છે જેમાં કુલ એમએસપી આઉટફ્લો રૂ. ૫૯,૭૧૫ કરોડ છે. ખરીદીમાં મુખ્ય યોગદાન પાંચ પ્રાપ્તિ કરનારા રાજ્યોમાંથી આવ્યું છે. પંજાબ, હરિયાણા, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ અનુક્રમે ૧૨૪.૨૬ એલએમટી, ૭૧.૪૯ એલએમટી, ૪૭.૭૮ એલએમટી, ૯.૬૬ એલએમટી અને ૯.૦૭ એલએમટીની ખરીદી થઈ. ચોખાની ખરીદી પણ સરળતાથી ચાલી રહી છે. KMS ૨૦૨૩-૨૪ દરમિયાન ૪૮૯.૧૫ એલએમટી ચોખાની સમકક્ષ ૭૨૮.૪૨ એલએમટી ધાન્ય અત્યાર સુધીમાં ૯૮.૨૬ લાખ ખેડૂતો પાસેથી સીધા ખરીદવામાં આવ્યા છે, જેમાં રૂ. ૧,૬૦,૪૭૨ કરોડ કુલ એમએસપી આઉટફ્લોનો અંદાજ છે. ખરીદની ઉપરોક્ત જથ્થા સાથે, કેન્દ્રીય પૂલમાં હાલમાં ઘઉં અને ચોખાનો સંયુક્ત સ્ટોક ૬૦૦ એલએમટીથી વધુ છે જે દેશને પીએમજીકેએવાય અને અન્ય કલ્યાણકારી યોજનાઓ હેઠળ અને બજારના હસ્તક્ષેપ માટે તેની ખાદ્યાન્નની જરૂરિયાતોને પહોંચી વળવા માટે આરામદાયક સ્થિતિમાં મૂકે છે.



પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠાના પ્રાંતિજથી એક આઘાતજનક સમાચાર આવ્યા હતા જેમાં પ્રાંતિજ તાલુકાના મહદેવપુરા ગામના તળાવમાં ન્હાવા પડતા ત્રણ બાળકીઓના ડૂબી જવાથી મોત થયા હતા. આ બનાવની વિગત મુજબ ત્રણેય બાળકીઓ પશુ ચરાવવા માટે ગઈ હતી જે દરમિયાન તળાવમાં ન્હાવા પડી હતી પરંતુ પાણીમાં તરતા ન આવડતું હોવાથી ત્રણેય બાળકીના ડૂબી જવાથી મોત થયા હતા. ત્રણ બાળકીઓના કમકાટી ભર્યા મોતથી ગામમાં શોકનો માહોલ છવાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, એકજ કુટુંબની ત્રણ દીકરીઓના મોત થયા છે. જેમાં બે તો સગી બહેન હતી, આ દૂર્ઘટનાના પગલે પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. બનાવને પગલે પ્રાંતિજ પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

# રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ અને અટકાયત કાર્યક્રમ

**જિલ્લામાં મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકુનગુનીયા જેવા રોગોના નિયંત્રણ માટે આરોગ્ય વિભાગ દ્વારા વ્યાપક પગલાં**

**જિલ્લામાં ૩૦,૦૮૪૩ ઘરોની ૧૪,૫૮,૨૦૫ વસ્તીને સર્વેલન્સ હેઠળ આવરી લેવાઈ**



વડોદરા,

ભારતમાં હાલ સીઝનલ ફ્લુની સાથે બીજી અન્ય બીમારીઓ જેવી કે મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકુનગુનીયા જેવા વાહકજન્ય રોગ પણ જોવા મળ્યા છે. ડેન્ગ્યુ અને ચિકુનગુનીયા જે એડીસ ઈજિપ્તી માદા મચ્છરથી ફેલાય છે. આ મચ્છર ઘરમાં કે ઘરની આસપાસ ભરાતા ચોખ્ખા બંધિયાર પાણીમાં જ ઉત્પન્ન થાય છે અને તે દિવસે કરડે છે. ડેન્ગ્યુ રોગમાં સખત તાવ આવવાની સાથે આંખોના ડોળાની પાછળ દુખાવો થાય, હાથ અને ચહેરા પર ચકામાં પડે, નાક મોં તેમજ પેઢામાંથી લોહી પડે જેવા લક્ષણો જોવા મળે છે.ડેન્ગ્યુ રોગની કોઈ સચોટ દવા ઉપલબ્ધ નથી. મેલેરીયા જે એનોફિલિસ માદા મચ્છરથી ફેલાય છે. આ મચ્છર ઘરની બહાર સંચિત પાણીમાં ઉત્પન્ન થાય છે અને તે રાત્રે કરડે છે. મેલેરીયા રોગમાં ઠંડી અને ધ્રુજારી સાથે તાવ આવે, માથામાં દુખાવો થાય, શરીરમાં કળતર થાય, ઉલ્ટી ઉબકા થાય જેવા લક્ષણો જોવા મળે છે. જેમાં નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર,સરકારી હોસ્પિટલ કે આરોગ્ય કાર્યકરનો સંપર્ક કરી લોહીની તપાસ કરાવી મેલેરીયાની સારવાર કરાવી શકાય છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ વડોદરા જિલ્લામાં હાઉસ ટુ હાઉસના પ્રથમ રાઉન્ડ દરમ્યાન સર્વેલન્સ કરાવામાં આવ્યું હતુ.જેમાં સર્વેલન્સ દરમ્યાન કુલ ૧૫,૦૮,૦૨૯ વસ્તીમાંથી ૧૪,૫૮,૨૦૫ વસ્તી, ૩૦,૦૮૪૩ ઘરો આવરી લીધા હતા. આ સર્વેલન્સ દરમ્યાન કુલ વસ્તીના ૯૬.૭૦% વસ્તી આવરી લેવામાં આવી હતી. જિલ્લામાં ફરીથી હાઉસ ટુ હાઉસના દ્વિતીય રાઉન્ડની કામગીરી તા. ૩૦.૦૫.૨૦૨૪ દરમ્યાન કરવામાં આવનાર છે. વડોદરા ગ્રામ્યના આરોગ્ય કર્મચારીઓ જેવા કે સૈંઊઁઉ, હ્લઊઁઉ, આશા કાર્યકરો વાહકજન્ય રોગની કામગીરી કરી રહ્યા છે. આ કામગીરીમાં આરોગ્ય કર્મીઓ ઘરે ઘરે મુલાકાત લઈને તાવના કેસોની શોધખોળ, મચ્છર સ્થાનોની મોજણી કરી પોરાનાશક કામગીરી તથા બેનર્સ, પોસ્ટર, પત્રિકાઓ મારફતે જનજાગૃતિ લાવવા માટે આરોગ્ય શિક્ષણ આપી રહ્યા છે. કોઈપણ ગામમાં મેલેરીયા, ડેન્ગ્યુ કે ચિકુનગુનિયાનો એક પણ કેસ નોંધાય તો તુરંત જ તે વિસ્તારમાં ત્રણ દિવસ ઘનિષ્ઠ સર્વેલન્સ, પોરાનાશક કામગીરી તથા ફોગીંગની કામગીરી શરૂ કરવામાં આવે છે.

# કાળઝાળ ગરમીથી બચાવા વદોડારમાં સિગ્નલ પર ગ્રીન કાપડના મંડપ ઉભા કરાયા



વડોદરા, તા. ૨૪

રાજ્યમાં આ વર્ષે ઉનાળાની ગરમી એ તો હદ બહારની ગરમી વરસાવી છે ત્યારે લોકોને ગરમીથી બચાવવા માટે વડોદરા શહેરમાં આવેલા સિગ્નલ પર ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરાના અલકાપુરી વિસ્તારમાં આવેલા ચાર રસ્તા પર ટ્રાફિક સિગ્નલ પાસે ગ્રીન કાપડ લગાવીને મંડપ ઉભો કરવામાં આવ્યો હતો. જેને લઈને ટ્રાફિક સિગ્નલ પર ઊભા રહેતા વાહનચાલકોને સીધા સૂર્યપ્રકાશથી રાહત મળશે. રાજ્યના તમામ શહેરોમાં રેકોર્ડ બ્રેક ગરમી પડી રહી છે. ગરમીથી લોકોને બચાવવા માટે અમદાવાદ અને સુરત શહેરમાં ટ્રાફિક સિગ્નલ પર ગ્રીન અથવા અન્ય કાપડનો મંડપ ઉભો કરીને લોકોને રાહત આપવાનો પ્રયાસ હાથ ધરવામાં આવી ચુકયો હતો. આ કાર્યનું પુનરાવર્તન વડોદરા શહેરમાં પણ કરવામાં આવ્યું હતું. અલકાપુરી વિસ્તારમાં પોલીસ કમિશનર બંગલો નજીક આવેલા ચાર રસ્તા પર ગ્રીન કાપડનું મંડપ ઉભો કરવામાં આવ્યુ હતું. ટ્રાફિક સિગ્નલ ખુલવાની વાટ જોતા લોકો મંડપ નીચે સીધા સુર્યપ્રકાશના સંપર્કથી બચી શકશે. આવનાર સમયમાં શહેરનાં વધુ ટ્રાફિક સિગ્નલ પર આ પ્રકારે મંડપ ઉભા થાય તો નવાઈ નહીં. તો બીજી તરફ હવે ગરમી અંતિમ તબક્કામાં પડી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ વડોદરા ટ્રાફિક પોલીસ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેની ટુ વ્હીલર ચાલકો ખાસ સરાહના કરી રહ્યા હતા અને પોલીસનો આભાર વ્યકત કરી રહ્યા હતા.

# જામનગર ખાતે રાષ્ટ્રીય ઓરલ મેડિસિન અને રેડીયોલોજી દિવસની ઉજવણી કરાઈ



જામનગર

જામનગરની સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ દ્વારા વિવિધ દિવસો અને તહેવારોની ખાસ ઉજવણી કરવામાં આવે છે. આ સંસ્થાના ઓરલ મેડિસિન અને રેડિયોલોજી વિભાગના પ્રાધ્યાપક અને વડાશ્રી ડો.રીટા ઝા ના માગદર્શન હેઠળ “રાષ્ટ્રીય ઓરલ મેડિસિન અને રેડિયોલોજી દિવસ”ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.આ ઉજવણી અંતર્ગત “યુથ અવેરનેસ ડ્રાઈવ, ડેન્ટલ ડમ શરાઝ સ્પર્ધા તથા ઓરલ મેડિસિનના નિષ્ણાંત એવા અમદાવાદનાં પ્રસિદ્ધ ડો.ભાવિન દુધિયા દ્વારા લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. યુથ અવેરનેસ ડ્રાઈવ અંતર્ગત વિભાગના ડોકટરો દ્વારા જામનગરની ડિ.કે.વી. આર્ટસ તથા સાયન્સ કોલેજ, એસ.વી.ઈ.ટી. પોલીટેકનીક કેલેજ, ફિઝીયોથેરાપી અને નર્સિંગ કોલેજની મુલાકાત લઈ ત્યાંના છાત્રોમાં તમાકુની આડઅસર વિશે જાગૃતતા ફેલાવવા લેકચર તથા કિવઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીને સફળ બનાવવા સંસ્થાના વડા ડો.નયના પટેલ તેમજ વિભાગના ડો.યેશા જાની, ડો.માનસી ખત્રી, ડો.અભિષેક નીમાવત, ડો.કાજલ શીલુ તથા ડો.ફોઝીયા પઠાણે જહેમત ઉઠાવી હતી.

# ઉષ્ણ લહેર સામે લેવાયેલા ઉપચારાત્મક પગલાંની સમીક્ષા કરતા કલેકટર શ્રી બિજલ શાહ

**શ્રમયોગીઓને રાહત મળે તે માટે રાજ્ય સરકારના નિર્દેશોનો સર્વગ્રાહી અને અસરકારક અમલ કરવા સંબંધિત અધિકારીઓને તાકીદ**



વડોદરા,

વડોદરા શહેર અને જિલ્લામાં ગ્રિષ્મ ઋતુ તેનો આકરો મિજાજ દેખાડી રહી છે અને ચોમેર ગરમ વાયરા વાઈ રહ્યા છે. એવી સ્થિતિમાં નાગરિકોને સુરક્ષા મળી રહે તે માટે રાજય સરકારના નિર્દેશો અનુસાર વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ હિટ વેવ સામે અસરકારક પગલાં લેવામાં આવી રહ્યા છે. કલેકટર શ્રી બિજલ શાહ દ્વારા સંબંધિત વિભાગોને સખત ગરમી સામે ઉપચારાત્મક પગલાં લેવા સૂચનાઓ અપાઈ છે. હિટવેવની સ્થિતિને ધ્યાને રાખીને કલેક્ટર કચેરી ખાતે આજે જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની ત્રીજી બેઠક યોજવામાં આવી હતી. આ પૂર્વે યોજાયેલી બેઠકમાં અપાયેલા નિર્દેશો અંગે સંબંધિત વિભાગો દ્વારા લેવાયેલા પગલાંની સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મનરેગા હેઠળ ચાલતા કામોમાં શ્રમયોગીઓને રાહત મળે તે માટે છાંયડો, પીવાનું પાણી, પ્રાથમિક સારવારની કિટ જેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેમણે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને મનરેગાના કામો માટે સવારના સમય વહેલો કરવા સૂચના આપી હતી. શ્રી શાહે માર્ગ અને મકાન વિભાગ, રાજય અને પંચાયત, સિંચાઈ વિભાગ દ્વારા ચાલતા વિવિધ કામોમાં શ્રમયોગીઓને બપોરે ૧૨થી ૪ વાગ્યા સુધી વિરામ આપવાના રાજય સરકારના નિર્દેશોનું ચુસ્તપણે પાલન કરાવવા તાકીદ કરી હતી. બાંધકામ સાઈટ ઉપર પણ આ બાબતનો અસરકારક અમલ કરાવવા સરકારી શ્રમ અધિકારીને જણાવ્યું હતું. સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગોમાં પણ કામદારોને તડકાની સામે પૂરતું રક્ષણ મળી રહે તે માટે જરૂરી પ્રબંધ કરવા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને જીઆઈડીસીના અધિકારીઓને કલેકટરશ્રીએ સૂચના આપી હતી. ઉકત બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર ડો. બી. એસ. પ્રજાપતિએ માહિતી આપી કે, શહેર અને જિલ્લામાં આવેલા જનસેવા કેન્દ્રોમાં કામગીરીનો સમય વધારીને સવારના નવ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીનો કરવામાં આવ્યો છે. જન સેવા કેન્દ્રો હાલની સ્થિતિ જોતા વિદ્યાર્થીઓ, અરજદારોમાં હિટવેવના કારણે લૂને લગતી કોઈ સમસ્યા ના સર્જાય તે માટે પીવાના પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની સાથે સંબંધિત મામલતદાર કચેરી દ્વારા વધારાના બે નાયબ મામલતદારોને ફરજ સોંપવામાં આવી છે. પરિસ્થિતિને ધ્યાને લેતા શહેર અને જિલ્લાના તમામ જનસેવા કેન્દ્રો ઉપર આરોગ્યકર્મીની સેવા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ બેઠકમાં ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી પરીખ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિનાક્ષી ચૌહાણ, માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી નૈનેશ નાયકાવાલા અને શ્રી યુ. સી. પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બારડોલી નજીક ધુલિયા હાઈ-વે પર ટમેટાં ભરેલો ટેમ્પો પલટી જતા ૩ ના મોત, ૭ને ઈજા



સુરત, તા. ૨૪

સુરત જિલ્લાના બારડોલી નજીક પસાર થતા ધુલિયા હાઈ-વે પર કિકવાડ ગામની સીમમાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મહારાષ્ટ્રથી ટમેટાં ભરીને નીકળેલો ટેમ્પો કીકવાડ ગામની સીમમાં અકસ્માત પામ્યો હતો. ટેમ્પો ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ટેમ્પો પલટી મારી ગયો હતો. જેમાં ત્રણના ઘટના સ્થળે મોત થયાં હતાં. જયારે સાત વ્યકિતઓને ઈજા થતા નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. મહારાષ્ટ્રના સતારા નજીકથી ટમેટાં ભરીને એક ટેમ્પોમાં શાકભાજી વિક્રેતાઓ સુરત સરદાર માર્કેટ ખાતે નીકળ્યા હતા. એ દરમિયાન આજે મળસ્કે સુરત જિલ્લાના બારડોલી તાલુકાના કીકવાડ ગામની સીમમાંથી આ ટેમ્પો પસાર થતો હતો. ત્યારે ટેમ્પો ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ટેમ્પો પલટી મારી ગયો હતો. ટેમ્પોમાં મોટા પ્રમાણમાં કેરેટમાં ટમેટાં ભરેલા હતા ટેમ્પો પલટી મારતા કુલ દસ વ્યકિતઓ કેરેટ નીચે દબાયા હતા. અને ત્રણ વ્યક્તિઓના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે અન્ય સાત જેટલા ઈજાગ્રસ્તને તાત્કાલિક બારડોલી ખાતે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ સંદર્ભે બારડોલી પોલીસ પણ ઘટના સ્થળે પહોંચીને ત્રણેયના મૃતદેહને પીએમ અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. મરનાર પૈકી પીન્ટુ પીરાજી પવાર, ભાવસા પાંડુ માળી તેમજ સોનું એકતા પાટીલ આ ત્રણ મૃતકો તેમજ અન્ય સાત જેટલા ઈજાગ્રસ્તો તમામ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના સતાણા તાલુકાના ખામતાને ગામના હોવાનું સામે આવ્યું હતું.

# અમરેલી જંગલ વિસ્તારમાં સિંહ સહિતના વન્યજીવો માટે પીવાના પાણીના ૫૦ પોઈન્ટ કાર્યરત

**અમરેલી જિલ્લામાં ઉષ્ણ લહેરથી સિંહ સહિતના વન્યજીવોને પાણીની સગવડતા અને રાહત આપવા માટે અમરેલી વન તંત્ર પ્રતિબદ્ધ**



**જંગલ વિસ્તારમાં વન્યજીવો માટે પીવાના પાણીની વધુ સગવડ: વર્ષ ૨૦૨૩-૨૪માં માટે નવા ૧૭ પોઇન્ટ બનાવવામાં આવ્યા**

અમરેલી

તાજેતરમાં સમગ્ર રાજ્યમાં અનેક વિસ્તારો ઉષ્ણ લહેર છે. આ સ્થિતિમાં વન્ય જીવોને પાણી મળી રહે તે માટે અમરેલી વન તંત્ર દ્વારા તકેદારીના પગલા લેવામાં આવ્યા છે. અમરેલી જિલ્લામાં શેત્રુંજી વન્યજીવ વિભાગ દ્વારા સિંહ સહિતના વન્યજીવોને ઉષ્ણ લહેરથી બચાવવા માટે પીવાના પાણીના પોઈન્ટની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ પોઈન્ટ પર સમયાંતરે પાણી રિચાર્જ કરવામાં આવે છે. વન્યજીવોને તરસ છીપાવવા માટે દૂર સુધી જવું ન પડે તે હેતુ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. એશિયાઈ સિંહોના રહેણાંક વિસ્તાર એવા અમરેલી જિલ્લાના વિસ્તારોમાં સિંહો માટે વિશેષ કાળજી લેવાનો પ્રયાસ વન તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. વન વિભાગ દ્વારા વિવિધ પ્રકારે આ પોઈન્ટ પર પાણી ભરવામાં આવી રહ્યું છે. જે પૈકીના કેટલાક સૌર અને પવન ઉર્જાથી સંચાલિત છે તો કેટલાક પોઈન્ટ પર ટેક્રર દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે અમરેલી જંગલ વિસ્તારમાં સિંહ સહિતના વન્યજીવો માટે પીવાના પાણીના ૫૦ પોઈન્ટ કાર્યરત છે. વર્ષ ૨૦૨૩-૨૪માં અમરેલી જંગલ વિસ્તારમાં વન્યજીવો માટે પીવાના પાણીની વધુ સગવડ થાય તે માટે નવા ૧૭ પોઈન્ટ બનાવવામાં આવ્યા છે. આ વ્યવસ્થા અંગેની સમીક્ષા કરવાના હેતુથી પાણીતાણા - શેત્રુંજી વન્યજીવ વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી જયન પટેલ દ્વારા વનવિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. નાયબ વન સંરક્ષકશ્રીએ જરુરી માર્ગદર્શન આપ્યું હતું.

# વિશ્વવિદ્યાલય ના ૬૦ માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય તા. ૨૩-૦૫-૨૦૨૪ના રોજ ૬૦ માં સ્થાપના દિવસ નિમિત્તે વિશ્વવિદ્યાલય ખાતે ઉજવણી કરવામાં આવી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય એ તેના ૫૯ વર્ષ સફળતાપૂર્વક પસાર કરી ૬૦ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે જે વિશ્વવિદ્યાલય સાથે સંકળાયેલ તમામ માટે ગૌરવની વાત છે. આ કાર્યક્રમમાં બોર્ડ ઓફ મેનેજમેંટનાં સભ્યશ્રીઓ, એકિસક્યુટિવ કાઉન્સિલનાં સભ્યશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓ, ભૂતપૂર્વ સિન્ડિકેટ સભ્યશ્રીઓ, ભૂતપૂર્વ સેનેટ સભ્યશ્રીઓ, ડીનશ્રીઓ, વહીવટી વિભાગનાં વડાશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબનાં માર્ગદર્શન હેઠળ અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી એ કાર્યક્રમને અનુરૂપ ઉદબોધન આપ્યું અને ૫૯ વર્ષોના તમામ લોકોના યોગદાનને સન્માનિત કર્યા. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો તથા ભૂતપૂર્વ સિન્ડિકેટ સભ્યશ્રીઓ, ભૂતપૂર્વ સેનેટ સભ્યશ્રીઓ, ડીનશ્રીઓ, વહીવટી વિભાગનાં વડાશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓને ખેસ અને પુસ્તક આપીને સન્માનિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટીમાં મેળવેલ સિદ્ધી બદલ રમતવીરોને ટ્રોફી અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિશ્વવિદ્યાલયના સમર કેમ્પમાં ભાગ લેનાર રમતવીરો દ્વારા આદિવાસી નૃત્ય અને યોગાસન કરવામાં આવ્યા હતા. સદર કાર્યક્રમમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થી દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ કરવામાં આવી હતી અને ભાગ લેનાર વિદ્યાર્થીઓને પણ સન્માનિત કારવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીમાં મહિલાઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે : શ્રી આચાર્ય દેવવ્રતજી

ખેતીમાં ખંતથી કામ કરતી મહિલા ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સખી તરીકે તાલીમ મેળવશે અને તાલીમ મેળવ્યા પછી પોતાના ગામમાં અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપશે. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી, ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની અને પ્રાકૃતિક કૃષિ સંયોજક સંગઠનના સંયુક્ત ઉપક્રમે રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ૧૨,૬૯૦ પ્રાકૃતિક કૃષિ સખીઓને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિની પાંચ દિવસની ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિ સખીના પંચદિવસીય તાલીમ અભિયાનના આરંભે કહ્યું હતું કે, ખેતીમાં મહિલાઓની ભૂમિકા અત્યંત મહત્વની છે. પ્રાકૃતિક ખેતી ભૂમિ, જલ અને પર્યાવરણની રક્ષા કરનારી પદ્ધતિ છે. પ્રાકૃતિક કૃષિમાં આપણું ગુજરાત સમગ્ર દેશ માટે પ્રકાશસ્તંભ અને અન્ય રાજ્યો માટે પથદર્શક બનશે, ત્યારે ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીમાં મહિલાઓની ભૂમિકા પણ અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે. પ્રાકૃતિક કૃષિ સખીને પાંચ દિવસની તાલીમથી પ્રાકૃતિક કૃષિના જન અભિયાનને નવું બળ મળશે.

પ્રાકૃતિક કૃષિનું પ્રેક્ટીકલ જ્ઞાન ખેતરે-ખેતરે અને ઘરે-ઘરે પહોંચશે. તારીખ ૨૭મી મેથી પ્રથમ તબક્કામાં આણંદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, અમરેલી, રાજકોટ, સુરત, કચ્છ, પાટણ અને તાપી જિલ્લાઓમાં પ્રાકૃતિક કૃષિ સખીઓને તાલીમ અપાશે. ૧૫ મી જુલાઈ સુધીમાં સમગ્ર રાજ્યમાં ૪૨૩ તાલીમ કાર્યક્રમ દ્વારા ૧૨,૬૯૦ પ્રાકૃતિક કૃષિ સખીઓને પાંચ દિવસની તાલીમ અપાશે. તાલીમમાં પ્રાકૃતિક કૃષિના સિદ્ધાંતો અને તેનું વિજ્ઞાન થિયરી અને પ્રેક્ટીકલ દ્વારા સમજાવવાશે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિના નિષ્ણાતો પાસેથી પાંચ દિવસની તાલીમ મેળવ્યા પછી પ્રાકૃતિક કૃષિ સખી બહેનો પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી પોતાનું મોડેલ ફાર્મ તૈયાર કરશે, પોતાના ગામમાં અન્ય મહિલા ખેડૂતોને માર્ગદર્શન આપશે અને પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહન આપશે.

# ખેડૂતોને ગુણવત્તા યુકત ખાતર-બિયારણ અને દવા મળી રહે તે માટે સ્ટેટ લેવલની ૧૯ ટીમ દ્વારા રાજયભરમાં બે દિવસ માટે ખાસ સઘન ચકાસણી ઝુંબેશ

**એકત્ર કરાયેલા બિયારણના ૨૧૦ - ખાતરના ૫૧ - દવાના ૨૯ એમ ૨૯૦ નમૂનાઓ માન્યતા પ્રાપ્ત વિવિધ લેબમાં પૃથક્કરણ માટે મોકલવામાં આવશે**

રાજયના ખેડૂતોને ગુણવત્તાયુક્ત ખાતર, બિયારણ અને દવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકારના ખેતીવાડી ખાતા દ્વારા રાજ્યવ્યાપી દ્વિ-દિવસીય ખાસ સઘન ચકાસણી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ હેતુસર સમગ્ર રાજ્યમાં ક્ષેત્રીય કક્ષાએથી ૩૯ ટીમો દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી હતી. રાજ્ય સરકારે આ ઝુંબેશને વધુ વેગવંતી બનાવવા તા. ૨૩-૦૫-૨૦૨૪ થી સ્ટેટ લેવલની ૧૯ સ્કવોડ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સઘન ચકાસણી હાથ ધરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ધરતીપુત્રોને બિયારણ, ખાતર અને દવા ગુણવત્તા યુક્ત મળે તે સુનિશ્ચિત કરવા રાજ્યના ખેતીવાડી વિભાગને આપેલા દિશા-નિર્દેશો અનુસાર આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં વિવિધ ઈનપુટના ૩૨ ઉત્પાદકો તેમજ બિયારણના ૪૧૭, ખાતરના ૨૬૮ અને દવાના ૩૭૮ વિક્રેતાઓની આ ઝુંબેશ અન્વયે ખેતીવાડી વિભાગની ટીમ દ્વારા તપાસણી મુલાકાત લીધી છે. આ મુલાકાત દરમિયાન બિયારણના ૨૧૦, ખાતરના ૫૧ અને દવાના ૨૯ એમ કુલ ૨૯૦ નમૂના લેવામાં આવ્યા છે જેને પૃથક્કરણ માટે રાજયની જુદી જુદી માન્ય લેબમાં એનાલિસિસ માટે મોકલવામાં આવશે. આ જે ૨૯૦ નમૂના એકત્ર કરવામાં આવ્યા છે તેમાં કપાસના ૧૦૮ નમૂના લેવાય છે તેમાં ૪૩ નમૂના શંકાસ્પદ જીનેટીકલી મોડીફાઈડ અને અનઅધિકૃત કપાસ તરીકે લેવામાં આવ્યા છે. એટલું જ નહીં, સાબરકાંઠા જિલ્લામાં લેવાયેલા કપાસના આઠ નમૂના પૈકીના પાંચ નમૂના શંકાસ્પદ જીનેટીકલી મોડીફાઈડ અન અધિકૃત કપાસ તરીકે લેવાય છે. ખાસ કિસ્સામાં પાંચ દિવસમાં તેનું એનાલિસિસ કરીને પરિણામ જાહેર કરાશે. આ સઘન ચકાસણી ઝુંબેશ દરમિયાન તા. ૨૩-૦૫-૨૦૨૪ ના પ્રથમ દિવસે એક જ દિવસમાં અંદાજે ૧.૬૮ કરોડ રૂપિયાનો જથ્થો અટકાવવામાં આવ્યો છે જેમાં બિયારણનો ૫૨,૬૧૯ કિલોગ્રામ, ખાતરનો ૮૨ મેટ્રિક ટન અને દવાઓનો ૬૦૦ કિલોગ્રામ/લિટર જથ્થાનો સમાવેશ થાય છે. આ રાજ્ય વ્યાપી સઘન ચકાસણી ઝુંબેશ દરમિયાન ૧૯ ટીમને જોવા મળેલી અલગ-અલગ ખામીઓ ધ્યાનમાં લેતા ૨૩૪ જેટલી નોટિસ પણ આપવામાં આવી છે.

# સુરતમાં નકલી ચલણી નોટછાપવાના કેસમાં પોલીસે વધુ એક આરોપીને ઝડપી લીધો




સુરત,તા. ૨૪

સુરતના લિંબાયતમાં નકલી ચલણી નોટોના કેસમાં પોલીસે વધુ એક આરોપીને ઉમરવાડામાંથી પકડી પાડ્યો હતો. પકડાયેલા આરોપીનું નામ શાહપોર સાદીક અબ્બાસઅલી છે. તે ઉમરવાડા ટેનામેન્ટમાં ભાડેથી રહે છે. મૂળ મહારાષ્ટ્રનો વતની છે. સાદીક પાસેથી ૨૦૦ના દરની ૨.૯૧ લાખની નકલી ચલણી નોટો મળી આવી હતી. ૧.૦૯ લાખની ૫૦૦ના દરની નકલી નોટો સાદીકે વ્યાજે રૂપિયા આપતો તેમાં પધરાવી દીધી હોવાની આશંકા હતી. આરોપી સાદીક વ્યાજે રૂપિયા ફેરવાનો અને જમીન દલાલીનો ધંધો કરતો હતો. સુરત હેરાલ્ડ સાપ્તાહિક અને એસએ ન્યૂઝ ૨૪૮૭ ચેનલના ફિરોઝ શાહએ સાદીકને ૪ લાખની નકલી નોટો આપી હતી. જેથી એસઓજીની ટીમ તેના સુધી પહોંચી હતી. વધુમાં ફિરોજે ૪ લાખની બોગસ નોટોનો દોઢ લાખમાં સાદીક સાથે સોદો નક્કી કરી ૮૦ હજાર રૂપિયા સાદીકે આપી દીધા હતા. બાકીની રકમ નોટો વટાવીને આપવાનું નક્કી થયું હતું. પકડાયેલ આરોપી ફિરોઝનું સુપડુ શાહ, બાબુલાલ ગંગારામ કપાસીયા અને સફીકખાન ઈસ્માઈલખાનની લિંબાયત પોલીસે ધરપકડ કરી હતી. ત્રણેયને ગુરુવારે કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટમાં પોલીસે ૧૦ દિવસના રિમાન્ડ માંગતા ૪ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા હતા. ન્યૂઝ ચેનલનો માલિક ફિરોજ શાહ છેલ્લા એક વર્ષથી મીડિયાની આડમાં નકલી નોટોનો કારોબાર ચલાવતો હોવાની શક્યતા છે.

# ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી રોલ બોલ ચેમ્પીયનશીપમાં બાયોટેકનોલોજી વિભાગની વિદ્યાર્થીનીની ઝળહળતી સફળતા



દિનાંક ૧૫ થી ૧૭ મે, ૨૦૨૪ દરમિયાન તમિલનાડુ શારીરિક શિક્ષણ અને રમતગમત યુનિવર્સિટી, ચેન્નાઈ દ્વારા ઓલ ઇન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી રોલ બોલ (ભાઈઓ અને બહેનો) ચેમ્પીયનશીપ-૨૦૨૩-૨૪ યોજાઈ હતી. જેમાં આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેક્નોલોજી વિભાગની બી.એસ.સી બાયોટેક્નોલોજી સેમેસ્ટર -૬ ની વિદ્યાર્થીની હીર પરેશભાઈ ગોધાણીની પસંદગી કરવામાં આવી હતી. રોલ બોલ ભાઈઓ અને બહેનોની પ્રથમ યુનિવર્સિટી પસંદગી ૨૮/૦૪/૨૦૨૪ ના રોજ યોજાઈ હતી ત્યારબાદ તેણીને તાલીમ માટે યુનિવર્સિટી દ્વારા પસંદ કરવામાં આવી હતી અને પસંદગી રાયન ઈન્ટરનેશનલ સ્કૂલ, મગદલ્લા ખાતે થઈ હતી. તેણીએ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી રોલ બોલ (બહેનો) ચેમ્પીયનશીપમાં અત્યંત ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ રહ્યું રેક હાંસલ કરીને "આપણી વિશ્વવિદ્યાલય, આપણું ગૌરવ" એ વાતને યથાર્થ રીતે સાબિત કરી છે. તેણીની અતિ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ વિશ્વવિદ્યાલયના માનનીય કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને બાયોટેકનોલોજી વિભાગના વડાશ્રી ડૉ. ગૌરવ શાહ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર અને બાયોટેકનોલોજી વિભાગ પરિવાર અભિનંદન અને આગળના પ્રયત્નો માટે શુભેચ્છાઓ પાઠવે છે.

# આવતીકાલે ઉપાન્ત્ય તબક્કા (ફેઝ-૬)ના મતદાન માટે તમામ તૈયારી

**લોકસભાની ૫૮ બેઠકો, ૧૧.૧૩ કરોડ મતદારો, ૧.૧૪ લાખથી વધુ મતદાન મથકો, ૮ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો**

## ઓડિશામાં ૪૨ વિધાનસભા ક્ષેત્રો માટે એક સાથે મતદાન

આવતીકાલથી શરૂ થઈ રહેલી લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે ભારતીય ચૂંટણી પંચ સજ્જ થઈ ગયું છે. ૮ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૫૮ પીસીમાં મતદાન થવાનું છે. આ તબક્કામાં હરિયાણા અને એનસીટી દિલ્હીમાં મતદાન થશે. બિહાર, ઝારખંડ, જમ્મુ-કાશ્મીર, ઓડિશા, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ એ અન્ય રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશો છે જે આ તબક્કામાં પણ તેમનું મતદાન ચાલુ રાખશે. ઓડિશા રાજ્ય વિધાનસભા માટે ૪૨ વિધાનસભા મત વિસ્તારો માટે પણ એક સાથે મતદાન થશે. જયાં પણ આગાહી કરવામાં આવે ત્યાં ગરમ હવામાન અથવા વરસાદની વિપરીત અસરને સંચાલિત કરવા માટે સંબંધિત સીઈઓ અને રાજ્ય મશીનરીઓને પૂરતા પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. મતદાન આરામદાયક અને સુરક્ષિત વાતાવરણમાં થાય તે માટે મતદારોને પૂરતી છાયા, પીવાનું પાણી, રેમ્પ, શૌચાલય અને અન્ય પાયાની સુવિધાઓ સાથે આવકારવા માટે મતદાન મથકો તૈયાર છે. મતદાન પક્ષોને મશીનો અને મતદાન સામગ્રી સાથે તેમના સંબંધિત મતદાન મથકો પર રવાના કરવામાં આવ્યા છે. પંચે મતદારોને મતદાન મથકો પર વધુ સંખ્યામાં મતદાન કરવા અને જવાબદારી અને ગૌરવ સાથે મતદાન કરવા હાકલ કરી છે. દિલ્હી, ગુડગાંવ, ફરીદાબાદ જેવા શહેરી કેન્દ્રોમાં પીસીના મતદારોને ખાસ કરીને તેમના મત આપવાના અધિકાર અને ફરજ વિશે યાદ અપાવવામાં આવે છે અને શહેરી ઉદાસીનતાના વલણને તોડવામાં આવે છે. છેલ્લો તબક્કો એટલે કે ૭મા તબક્કાનું મતદાન ૧લી જૂને બાકીના ૫૭ પીસી માટે થશે અને ૪ જૂને મતગણતરી થવાની છે. સામાન્ય ચૂંટણીના પ્રથમ પાંચ તબક્કામાં ૨૫ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો અને ૪૨૮ પીસી માટે મતદાન સરળ અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું હતું.

છઠ્ઠા તબક્કાની હકીકતો:

- સામાન્ય ચૂંટણી ૨૦૨૪ના છઠ્ઠા તબક્કા માટે ૫૮ સંસદીય ક્ષેત્રો (જનરલ-૪૯) માટે ૨૫ મે, ૨૦૨૪ના રોજ મતદાન યોજાશે. એસટી- ૦૨; એસસી- ૦૭) ૮ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં. મતદાન સવારે ૭ વાગ્યે શરૂ થાય છે અને મતદાનનો સમય બંધ કરવાથી પીસી મુજબ અલગ હોઈ શકે છે.
- ૪૨ વિધાનસભા મતવિસ્તારો (જનરલ -૩૧; એસટી=૦૫; ઓડિશા વિધાનસભાના SC=06)માં પણ એક સાથે મતદાન થશે.
- આશરે ૧૧.૪ લાખ મતદાન અધિકારીઓ ૧.૧૪ લાખ મતદાન મથકો પર ૧૧.૧૩ કરોડથી વધુ મતદારોનું સ્વાગત કરશે
- ૧૧.૧૩ કરોડથી વધુ મતદારોમાં ૫.૮૪ કરોડ માલેનો સમાવેશ થાય છે. ૫.૨૯ કરોડ મહિલા અને ૫૧૨૦ થર્ડ જેન્ડર મતદારો છે.
- ૮૫થી વધુ વયના ૮.૯૩ લાખથી વધુ નોંધાયેલા, ૧૦૦ વર્ષથી વધુ વયના ૨૩,૬૫૯ મતદારો અને છઠ્ઠા તબક્કા માટે ૯.૫૮ લાખ પીડબલ્યુડી મતદારો છે, જેમને તેમના ઘરેથી આરામથી મતદાન કરવાનો વિકલ્પ પૂરો પાડવામાં આવ્યો છે. વૈકલ્પિક હોમ વોટિંગ સુવિધાને પહેલાથી જ જબરદસ્ત પ્રશંસા અને પ્રતિસાદ મળી રહ્યો છે.
- સુરક્ષા કર્મચારીઓને લઈ જવા માટે ૨૦ વિશેષ ટ્રેનો તૈનાત કરવામાં આવી હતી.
- ૧૮૪ નિરીક્ષકો (૬૬ સામાન્ય નિરીક્ષકો, ૩૫ પોલીસ નિરીક્ષકો, ૮૩ ખર્ચ નિરીક્ષકો) મતદાનના થોડા દિવસો પહેલા જ તેમના મતવિસ્તારમાં પહોંચી ગયા છે. તેઓ ખૂબ જ તકેદારી રાખવા માટે કમિશનની આંખો અને કાન તરીકે સેવા આપે છે. આ ઉપરાંત કેટલાક રાજ્યોમાં વિશેષ નિરીક્ષકો તૈનાત કરવામાં આવ્યા છે.
- મતદારોની કોઈપણ પ્રકારની લાલચને ચુસ્તપણે અને ઝડપથી પહોંચી વળવા માટે કુલ ૨૨૨૨ ફ્લાઈંગ સ્કવોડ, ૨૨૯૫ સ્ટેટિક સર્વેલન્સ ટીમ, ૮૧૯ વીડિયો સર્વેલન્સ ટીમ અને ૫૬૯ વીડિયો વ્યૂઈંગ ટીમ ૨૪ કલાક સર્વેલન્સ રાખી રહી છે.
- કુલ ૨૫૭ આંતરરાષ્ટ્રીય બોર્ડર ચેક પોસ્ટ્સ અને ૯૨૭ આંતર-રાજ્ય સરહદ તપાસ ચોકીઓ દારૂ, ડ્રગ્સ, રોકડ અને મફતના કોઈપણ ગેરકાયદેસર પ્રવાહ પર કડક નજર રાખી રહી છે. સમુદ્ર અને હવાઈ માર્ગો પર કડક દેખરેખ રાખવામાં આવી છે.
- વૃદ્ધો અને વિકલાંગો સહિત દરેક મતદાતા સરળતાથી મતદાન કરી શકે તે માટે પાણી, શેડ, શૌચાલય, રેમ્પ, સ્વયંસેવકો, વ્હીલચેર અને વીજળી જેવી લઘુતમ સુવિધાઓ ઉપલબ્ધ છે.
- તમામ નોંધાયેલા મતદારોને મતદાર માહિતી સ્લિપનું વિતરણ કરવામાં આવ્યું છે. આ સ્લિપ્સ એક સુવિધાના પગલા તરીકે અને કમિશન તરફથી આવવા અને મત આપવા માટેના આમંત્રણ તરીકે સેવા આપે છે.
- મતદારો આ લિંક દ્વારા તેમના મતદાન મથકની વિગતો અને મતદાનની તારીખ ચકાસી શકે છે https://electoralsearch.eci.gov.in/
- પંચે મતદાન મથકો પર ઓળખની ચકાસણી માટે મતદાર ઓળખકાર્ડ (ઈપીઆઈસી) સિવાય અન્ય ૧૨ વૈકલ્પિક દસ્તાવેજો પણ પૂરા પાડ્યા છે. મતદાર યાદીમાં મતદારની નોંધણી થાય તો આમાંથી કોઈ પણ દસ્તાવેજ બતાવીને મતદાન કરી શકાય છે. વૈકલ્પિક ઓળખ દસ્તાવેજો માટે ઈસીઆઈના આદેશ સાથે લિંક કરો:
- https://www.eci.gov.in/eci-backend/public/api/download
- ૨૩ મે, ૨૦૨૪ના રોજ પ્રેસ નોટ નંબર ૯૯ દ્વારા છઠ્ઠા તબક્કા માટે સંસદીય મતવિસ્તાર વાઈઝ મતદારો જાહેર કરવામાં આવ્યા હતા.: https://www.eci.gov.in/eci-backend/public/api/download

### આઇએમડીએ ચક્રવાતની કોઈ પ્રતિકૂળ અસરની આગાહી કરી નથી

- લોકસભા ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીઓમાં મતદાનનો ડેટા નીચેની લિંક પર ઉપલબ્ધ છે: https://old.eci.gov.in/files/file/13579-13-pc-wise-voters-turn-out/
- મતદાર મતદાનની એપ્લિકેશન દરેક તબક્કા માટે એકંદર અંદાજિત મતદાનનું જીવંત પ્રદર્શન કરે છે. અત્રે એ નોંધવું જરૂરી છે કે, તબક્કાવાર/રાજ્યવાર/એસી વાઈઝ/પીસી વાઈઝ અંદાજે મતદાન ડેટા મતદાનના દિવસે સાંજે ૭ વાગ્યા સુધી બે કલાકના ધોરણે મતદાર મતદાન એપ્લિકેશન પર જીવંત રહે છે, જે પછી મતદાન પક્ષોની વાપસી પર તેને સતત અપડેટ કરવામાં આવે છે.
- મતદાતાઓના મતદાનના વલણો - તબક્કાવાર, રાજ્યવાર, સંસદીય મતવિસ્તારવાર (પીસીની અંદર વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન સાથે) સતત વોટર ટર્ન આઉટ એપ્લિકેશન પર જોઈ શકાય છે, જેને નીચેની લિંકપરથી ડાઉનલોડ કરી શકાય છે.
- એન્ડ્રોઈડ: https://play.google.com/store/apps/details?id=in.gov.eci.pollturnout&hl=en_IN&pli=1
- iOS: https://apps.apple.com/in/app/voter-turnout-app/id1536366882

# ગોંડલની આંગણવાડીમાં બાળક પાલક કાર્યક્રમમાં નવા બાળકોનું નામાંકન કરાયું

**બાળકોએ તૈયાર કરેલી કૃતિઓ બાળમેળામાં પ્રદર્શિત કરાઈ**



રાજકોટ

રાજકોટ જિલ્લાના ગોંડલના ઘટક-૧ની આંગણવાડીમાં બાળક પાલક કાર્યક્રમ અંતર્ગત શાળાકીય પૂર્વ તૈયારીના ભાગરૂપે વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી.

સાથે નવા બાળકોનું નામાંકન કરવામાં આવ્યું હતું. આંગણવાડીમાં કરાવવામાં આવતી પૂર્વપ્રાથમિક શિક્ષણની પ્રવૃતિઓથી માતા-પિતા, વાલીઓને માહિતગાર કરવા અને આંગણવાડીમાં બાળકોના નામાંકનમાં વધારો કરવા તેમજ નોંધાયેલા બાળકો આંગણવાડીમાં નિયમિત આવતા થાય તે માટે વાલીની ભાગીદારી વધારવા માટે બાળકો અને વાલીઓ માટે સંયુકત પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવે છે.

જેના ભાગરૂપે ગોંડલ ઘટક-૧ની આંગણવાડીમાં બાળકોને લેખન, વાચન, ગણન શીખવવા સાથે બાળકો સમૂહમાં ભળે અને આંતરિક શિસ્ત કેળવે તે હેતુથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો સાથે તેમના પરિવારજનો પણ જોડાયા હતા. બાળકો દ્વારા તૈયાર કરાયેલી કૃતિને બાળમેળામાં પ્રદર્શિત કરવામાં પણ આવી હતી. ગોંડલ ઘટક-૧ના બાળવિકાસ યોજના અધિકારી સુશ્રી સોનલબહેન ડી. વાળા, મુખ્ય સેવિકા પીન્ટુબહેન દવે, વર્ષાબહેન ભટ્ટ, નયનાબહેન મહેતા, મુક્તાબહેન, નયનાબહેન સિંહાર તથા પી.એસ.ઈ. ઈન્ટ્રક્ટર ધવલભાઈ પરમાર તેમજ આશાવર્કર બહેનોના સહિયારા પ્રયાસથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# એફટીઆઈઆઈના વિદ્યાર્થીને ૭૭મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં 'લા સિનેફ' એવોર્ડ મળ્યો

## ચિદાનંદ એસ નાઈક - '૭૫ ક્રિએટિવ માઈન્ડ્સ ઓફ ટુમોરો'માંના એક અને ૨૦૨૨ બેચના એફટીઆઈઆઈના વિદ્યાર્થી



ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (FTII)ના વિદ્યાર્થી ચિદાનંદ નાઈકને, ફ્રાન્સમાં ૭૭મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ શોર્ટ, કોર્સ એન્ડ ફિલ્મ "સનફ્લાવર્સ વેર ધ ફર્સ્ટ વન્સ ટુ નો" માટે કાનનો લા સિનેફ એવોર્ડ મળ્યો હતો. વિજેતાની સત્તાવાર રીતે ૨૩મી મે ૨૦૨૪ના રોજ ઉત્સવમાં જાહેરાત કરવામાં આવી હતી જ્યાં વિદ્યાર્થી દિગ્દર્શક શ્રી ચિદાનંદ નાઈકે એવોર્ડ મેળવ્યો હતો. આ ફિલ્મનું દિગ્દર્શન ચિદાનંદ એસ નાયકે કર્યું છે, સૂરજ ઠાકુરે શૂટ કર્યું છે, મનોજ વી દ્વારા સંપાદિત અને અભિષેક કદમે સાઉન્ડ કર્યું છે. ભારતીય સિનેમા માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે. ભારતીય ફિલ્મો આંતરરાષ્ટ્રીય મંચ પર પ્રશંસા મેળવી રહી છે, ખાસ કરીને FTII એ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ફેસ્ટિવલમાં તેના વિદ્યાર્થીઓની ફિલ્મો દર્શાવવા સાથે કાન્સમાં નોંધપાત્ર રીતે સારું પ્રદર્શન કર્યું છે. FTII સ્ટુડન્ટની બીજી ફિલ્મ 'CATDOG'ને ૭૩મા કાન્સમાં એવોર્ડ જીત્યાના ચાર વર્ષ બાદ વર્તમાન માન્યતા મળી છે. ૭૭મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભારતમાંથી વિવિધ કેટેગરીમાં બહુવિધ એન્ટ્રીઓ જોવા મળી હતી. FTIIના ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેમ કે પાયલ કાપડિયા, મૈસમ અલી, સંતોષ સિવાન, ચિદાનંદ એસ નાઈક અને તેમની ટીમને આ વર્ષની કાન્સમાં ઓળખ મળી. " સનફ્લાવર્સ વેર ધ ફર્સ્ટ વન્સ ટુ નો " તે એક વૃદ્ધ મહિલાની વાર્તા છે જે ગામના મરઘાને ચોરી લે છે, જે સમુદાયને અવ્યવસ્થિત કરી દે છે. કૂકડાને પાછો લાવવા માટે, એક ભવિષ્યવાણી કરવામાં આવે છે, જે વૃદ્ધ મહિલાના પરિવારને દેશનિકાલ મોકલે છે. આ FTII ફિલ્મ ટીવી વિંગના એક-વર્ષના કાર્યક્રમનું નિર્માણ છે જ્યાં વિવિધ શાખાઓના ચાર વિદ્યાર્થીઓ એટલે કે દિગ્દર્શન, ઈલેક્ટ્રોનિક સિનેમેટોગ્રાફી, એડિટિંગ, સાઉન્ડ એક પ્રોજેક્ટ માટે વર્ષ-અંતની સંકલિત જહેમત તરીકે એક સાથે કામ કર્યું હતું. આ ફિલ્મનું દિગ્દર્શન ચિદાનંદ એસ નાઈક દ્વારા કરવામાં આવ્યું છે, સૂરજ ઠાકુર દ્વારા શૂટ કરવામાં આવ્યું છે, મનોજ વી દ્વારા સંપાદિત કરવામાં આવ્યું છે અને અભિષેક કદમ દ્વારા અવાજ આપવામાં આવ્યો છે. આ વિદ્યાર્થીઓએ તેમની અંતિમ વર્ષની સંકલિત કસરતના ભાગ રૂપે ફિલ્મ પર કામ કર્યું હતું અને ૨૦૨૩માં FTIIમાંથી પાસ આઉટ થયા હતા. FTIIના ૧-વર્ષના ટેલિવિઝન કોર્સના વિદ્યાર્થીની ફિલ્મની પસંદગી અને પ્રતિષ્ઠિત કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં આ પ્રથમ વખત છે. ૨૦૨૨માં FTII માં જોડાતા પહેલા, ચિદાનંદ એસ નાઈકને ૫૩મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)માં ૭૫ ક્રિએટિવ માઈન્ડ્સમાંના એક તરીકે પસંદ કરવામાં આવ્યા હતા, જે સિનેમાના ક્ષેત્રમાં ઉભરતા યુવા કલાકારોને ઓળખવા અને સમર્થન આપવા માટે I&B મંત્રાલયની પહેલ છે. FTII ના પ્રમુખ શ્રી આર. માધવને ફિલ્મના સમગ્ર વિદ્યાર્થી એકમને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું, "શ્રી ચિદાનંદ નાઈક અને 'સનફ્લાવર વેર ધ ફર્સ્ટ ઓન ટુ નો'ની સમગ્ર ટીમને આ ખૂબ જ પ્રતિષ્ઠિત સન્માન માટે અભિનંદન. આ ઘણી વધુ અસાધારણ માન્યતા અને પ્રેમ સાથે એક પ્રખ્યાત કારકિર્દીની માત્ર શરૂઆત હોઈ શકે. સાથે જ, આવી વિશ્વ કક્ષાની પ્રતિભાને ઉજાગર કરવા માટે FTIIના તમામ સ્ટાફ અને વહીવટીતંત્રને ખૂબ આનંદ અને આદર." 'લા સિનેફ' એ ફેસ્ટિવલનો એક અધિકૃત વિભાગ છે જેનો ઉદ્દેશ્ય નવી પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવાનો છે અને વિશ્વભરની ફિલ્મ સ્કૂલોની ફિલ્મોને ઓળખે છે. આ ફિલ્મ વિશ્વભરની ૫૫૫ ફિલ્મ શાળાઓ દ્વારા સબમિટ કરવામાં આવેલી કુલ ૨,૨૬૩ ફિલ્મોમાંથી પસંદ કરાયેલા ૧૮ શોર્ટ્સ (૧૪ લાઈવ-એક્શન અને ૪ એનિમેટેડ ફિલ્મો)માંની હતી. FTII ની અનન્ય શિક્ષણ શાસ્ત્ર અને સિનેમા અને ટેલિવિઝનના ક્ષેત્રમાં શિક્ષણ માટે અભ્યાસ આધારિત સહ-શિક્ષણ અભિગમ પર ધ્યાન કેન્દ્રિત કરવાને પરિણામે સંસ્થાના વિદ્યાર્થીઓ અને તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ વર્ષોથી વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મ ઉત્સવોમાં વખાણ મેળવ્યા છે. આ પ્રતિષ્ઠિત પુરસ્કારનું સ્વાગત ભારતીય સિનેમા માટે એક ઐતિહાસિક સિદ્ધિ છે. ફિલ્મ અને ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા વિશ્વની શ્રેષ્ઠ ફિલ્મ શાળાઓમાં ટોચ પર છે અને આજે ભારતને ગૌરવ અપાવ્યું છે.

# છત્તીસગઢમાં ભારતીય સેનાએ વધુ ૭ નકસલવાદીઓનું એન્કાઉન્ટર કર્યું



તા. ૨૪ છત્તીસગઢના એક જિલ્લામાં સવારે ૧૧ વાગ્યે ભારતીય સેના અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર શરૂ થયું હતું. આ એન્કાઉન્ટર નારાયણપુર અને બીજાપુરના સરહદી વિસ્તારો પર સ્થિત કોરોવે અને રેકાવેના ગાઢ જંગલોમાં થયું હતું. નારાયણપુર, દંતેવાડા અને બસ્તરમાં ટોચના નકસલી નેતાઓની હાજરીની માહિતી પર પોલીસે સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું હતું. જેમાં હજારો સૈનિકો સામેલ હતા. સૈનિકોએ સાત ગણવેશધારી નક્સલીઓને ઠાર કર્યા હતા. માર્યા ગયેલા નક્સલવાદીઓ પાસેથી સાત હથિયારો પણ મળી આવ્યા હતા. ૧૦ થી ૧૨ નક્સલીઓના ઘાયલ થવાના પણ સમાચાર છે. ફોર્સને માહિતી મળી હતી કે અબુઝહમદના રેકાવાયા વિસ્તારમાં મોટા નકસલી નેતાઓ હાજર છે. આ માહિતીના આધારે પોલીસ ફોર્સે સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું. જેમાં દંતેવાડા, બસ્તર અને નારાયણપુર જિલ્લાના ૧ હજારથી વધુ ડીઆરજી અને એસટીએફ ના જવાનો ઓપરેશનમાં ગયા હતા. નક્સલવાદીઓની પ્લાટૂન નંબર ૧૬ અને ઈન્દ્રાવતી એરિયા કમિટીના ટોચના નેતાઓની હાજરીની માહિતીના આધારે ત્રણ જિલ્લાની પોલીસે સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું હતું. આમાં ડીઆરજી, બસ્તર ફાઈટર અને એસટીએફની સંયુક્ત ટીમો નારાયણપુર, દંતેવાડા અને બસ્તર જિલ્લામાંથી શોધ માટે રવાના થઈ હતી. આ સર્ચિંગ દરમિયાન નારાયણપુર, દંતેવાડા અને બીજાપુર જિલ્લાના સરહદી વિસ્તાર રેકવાયામાં ગુરુવારે સવારે ૧૧ વાગ્યે સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર શરૂ થયું હતું. કહેવામાં આવી રહ્યું છે કે એન્કાઉન્ટરમાં બળને હતપ્રભ જોઈને ટોચના નેતાઓ ભાગી ગયા હતા. જોકે, ફોર્સ આ વાતની પુષ્ટિ કરી રહ્યું નથી. એન્કાઉન્ટર બંધ થયા પછી પણ ફોર્સ વિસ્તારની શોધખોળમાં વ્યસ્ત છે. મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાઈએ કહ્યું- નારાયણપુર-બીજાપુર જિલ્લાના સરહદી વિસ્તારમાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચેની અથડામણમાં ૭ નક્સલવાદીઓના મોતના સમાચાર છે. ચોક્કસપણે સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. હું તેની હિંમતને સલામ કરું છું. અમારી સરકાર નકસલવાદ સામે મજબૂત લડાઈ લડી રહી છે. અમારો ઉદ્દેશ્ય રાજ્યમાંથી નકસલવાદને ખતમ કરવાનો છે. છેલ્લા ચાર મહિનામાં ફોર્સે અલગ-અલગ એન્કાઉન્ટરમાં ૯૧ નક્સલવાદીઓને ઠાર કર્યા છે. જે દર્શાવે છે કે બસ્તરમાં ફોર્સે હવે ગિયર બદલ્યા છે. છેલ્લા ચાર દાયકામાં આ પહેલીવાર છે જ્યારે આટલી મોટી સંખ્યામાં નકસલવાદીઓ માર્યા ગયા છે. માત્ર એપ્રિલ મહિનામાં જ ૫૦ નકસલવાદીઓ માર્યા ગયા છે. સમગ્ર બસ્તરમાં ફોર્સના જવાનોનું મનોબળ પણ આ સમયે ખૂબ જ ઉંચુ છે. જ્યારે કાંકેર જિલ્લાના માડ વિસ્તારમાં ગયા મહિને ૧૬ તારીખે થયેલા એન્કાઉન્ટરમાં જવાનોએ ૨૯ નકસલવાદીઓને ઠાર માર્યા હતા, ત્યારે આ દળની સૌથી મોટી સફળતા હોવાનું કહેવાય છે. નારાયણપુર જિલ્લામાં મંગળવારે થયેલા એન્કાઉન્ટરમાં જવાનોએ ખૂબ જ આયોજનબદ્ધ રીતે ૧૦ નક્સલવાદીઓને ઠાર કર્યા હતા. બસ્તરમાં નકસલવાદીઓને ખતમ કરવા માટે સૈનિકો ઝડપી ઓપરેશન ચલાવી રહ્યા છે. બસ્તરના દરેક ખૂણામાં અભિયાન ચલાવીને તેઓ નકસલવાદીઓને સામાન્ય જીવન જીવવાની તક આપી રહ્યા છે. જવાનોના ઓપરેશનથી પ્રભાવિત થઈને ઘણા નકસલવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. બીજી તરફ સૈનિકો પણ જંગલોમાં છુપાયેલા ખતરનાક નકસલવાદીઓ સામે કડક કાર્યવાહી કરી રહ્યા છે. આ કાર્યવાહીમાં જવાનોને મોટી સફળતા મળી છે. ચાર દાયકામાં પહેલીવાર સૈનિકોએ ૧૩૧ દિવસમાં ૧૦૩ નકસલવાદીઓને માર્યા છે.

# આર્મી ચીફ જનરલ મનોજ પાંડેએ NDAના ૧૪૬મા કોર્સની પાસિંગ આઉટ પરેડની સમીક્ષા કરી

## COAS એ કેડેટ્સને સેવામાં સંયુક્તતાની ભાવના આગળ વધારવા માટે પ્રોત્સાહિત કરે છે



આર્મી ચીફ (COAS) જનરલ મનોજ પાંડેએ ૨૪ મે ૨૦૨૪ના રોજ ખડકવાસલાના ખેતરપાલ પરેડ ગ્રાઉન્ડ ખાતે નેશનલ ડિફેન્સ એકેડમીના ૧૪૬મા કોર્સની પાસિંગ આઉટ પરેડની સમીક્ષા કરી હતી. પરેડમાં કુલ ૧૨૬૫ કેડેટ્સે ભાગ લીધો હતો જેમાંથી ૩૩૭ પાસિંગ આઉટ કોર્સ કેડેટ્સ હતા. આમાં ભૂતાન, તાજિકિસ્તાન, અફઘાનિસ્તાન, શ્રીલંકા, મ્યાનમાર અને માલદીવ્સ સહિતના મૈત્રીપૂર્ણ વિદેશી દેશોના ૧૯ કેડેટ્સ સહિત ૧૯૯ આર્મી કેડેટ્સ, ૩૮ નેવલ કેડેટ્સ અને ૧૦૦ એરફોર્સ કેડેટ્સ સામેલ હતા. ૨૪ મહિલા કેડેટ્સની એક ટુકડી, જે હાલમાં તેમની તાલીમના ત્રીજા અને ચોથા ટર્મમાં છે તેમણે પણ પરેડમાં ભાગ લીધો. લશ્કરી નેતૃત્વના ઉદ્ગમ સ્થાન તરીકે ઓળખાતા દ્રઢછ એ દેશની અગ્રણી સંયુક્ત સેવાઓ તાલીમ સંસ્થા છે. ૧૪૬મો અભ્યાસક્રમ જૂન ૨૦૨૧માં સામેલ કરવામાં આવ્યો હતો અને ત્રણ વર્ષની સખત લશ્કરી તાલીમ પૂર્ણ કર્યા પછી કેડેટ્સ એક ભવ્ય ઔપચારિક કાર્યક્રમમાં પાસ આઉટ થયા હતા. કેડેટ્સ હવે તેમના સંબંધિત પ્રી-કમિશનિંગ તાલીમ એકેડેમિક્સમાં જોડાશે. બટાલિયન કેડેટ કેપ્ટન (બીસીસી) શોભિત ગુપ્તાએ મેરિટના એકંદર ક્રમમાં પ્રથમ સ્થાને રહેવા માટે રાષ્ટ્રપતિનો સુવર્ણ ચંદ્રક જીત્યો, એકેડેમી કેડેટ એડજ્યુટન્ટ (એસીએ) માણિક તરુણે એકંદરે ગુણવત્તાના ક્રમમાં બીજા સ્થાને રહેવા બદલ રાષ્ટ્રપતિનો સિલ્વર મેડલ જીત્યો અને બીસીસી અજ્ઞી નેહરાએ મેરિટના એકંદર ક્રમમાં ત્રીજા સ્થાને રહેવા બદલ રાષ્ટ્રપતિનો બ્રોન્ઝ મેડલ જીત્યો. ગોલ્ફ સ્ક્વોડ્રને પરેડ દરમિયાન રજૂ કરાયેલ ચેમ્પિયન સ્ક્વોડ્રન હોવા બદલ પ્રતિષ્ઠિત 'ચીફ્સ ઓફ સ્ટાફ બેનર' મેળવ્યું હતું. સમીક્ષા અધિકારીએ પાસિંગ આઉટ કોર્સ કેડેટ્સ, મેડલ વિજેતાઓ અને ચેમ્પિયન સ્ક્વોડ્રનને તેમની સખત મહેનત અને જબરજસ્ત પ્રદર્શન માટે અભિનંદન આપ્યા હતા. તેમણે સશસ્ત્ર દળોમાં જોડાવા માટે તેમના પ્રેરિત બાળકોને મોકલવા બદલ પાઠ્યક્રમને ઉત્તીર્ણ કરનાર ગૌરવાન્વિત માતાપિતાનો નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કર્યો. તેમણે કેડેટ્સને સેવામાં આગળ વધવા સાથે સંયુક્તતાની ભાવનાને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કર્યા અને લશ્કરી બાબતોમાં ક્રાંતિ વિશે પણ ભાર મૂક્યો જે મોટાભાગે ટેકનોલોજી દ્વારા સંચાલિત છે. આ પાસિંગ આઉટ પરેડ બાદ નેશનલ ડિફેન્સ એકેડેમીના હટ ઓફ રિમેમ્બરન્સ ખાતે એક ગૌરવપૂર્ણ સમારોહમાં, આર્મી સ્ટાફે તે બહાદુર હૃદયોને શ્રદ્ધાંજલિ આપી હતી જેમના નામ પવિત્ર પરિસરમાં કોતરેલા છે. હટ ઓફ રિમેમ્બરન્સનું નિર્માણ એનડીએના ૧૦મા થી ૧૭મા અભ્યાસક્રમ કેડેટ્સ દ્વારા કરવામાં આવ્યું હતું અને ત્યારથી આ બહાદુરી, હિંમત અને નિઃસ્વાર્થ સેવાઓનું પ્રતીક છે. આ પવિત્ર સ્મારકની દીવાલો છેલ્લા ૭૫ વર્ષોમાં નેશનલ ડિફેન્સ એકેડેમીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી અદમ્ય હિંમત, બહાદુરી અને અસંખ્ય બલિદાનની ગાથાઓનું સંબોધન કરે છે.

# ટૂંક સમયમાં ભારતીય પ્રવાસીઓ માટે વિશેષ સેવાઓ શરૂ કરવમ આવશે

મેલ/દિલ્હી, તા. ૨૪ માલદીવને ભારત સાથે સંબંધ ખરાબ કરવો ખુબ જ મોંઘો પડી રહ્યો છે. એટલેજ તો માલદીવ સરકારે માફી માંગી અને ભારતીયોને તેમના સ્થાનની મુલાકાત લેવા વિનંતી કરીહતી, જો કે માલદીવના એક મંત્રીએ તો ત્યાં સુધી કહ્યું કે જો ભારત પોતાની નારાજગીનો અંત નહીં લાવે તો અમે બરબાદ થઈ જઈશું. માલદીવના મંત્રીએ કહ્યું છે કે તેઓ ટૂંક સમયમાં ભારતીય પ્રવાસીઓ માટે વિશેષ સેવાઓ શરૂ કરશે. માલદીવના આર્થિક વિકાસ અને વેપાર પ્રધાન મોહમ્મદ સઈદે કહ્યું, અમે અહીં ભારતની રૂપેય સેવા શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છીએ. આ અંગે બંને દેશો વચ્ચે વાતચીત ચાલી રહી હતી. આ સુવિધા શરૂ થયા બાદ માલદીવ આવતા ભારતીય પ્રવાસીઓ રૂપિયામાં ચૂકવણી કરી શકશે. જો કે, તેની તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી, પરંતુ ટૂંક સમયમાં તેના પર અંતિમ નિર્ણય લેવામાં આવી શકે તેમ છે. રૂપેય ફ્રૂઅ સેવા નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા એ રૂપેય સેવા શરૂ કરી છે. આ તેના પ્રકારનું પ્રથમ ભારતીય ઉત્પાદન છે, જે વૈશ્વિક કાર્ડ પેમેન્ટ નેટવર્ક સાથે જોડાયેલ છે. તે અત્યાર સુધી ઘણા દેશોમાં સ્વીકારવામાં આવ્યું છે. એટીએમ ઉપરાંત, રૂપેય કાર્ડનો ઉપયોગ પચપીઓએસ મશીનો અને ઈ-કોમર્સ વેબસાઈટ પર પણ થઈ શકે છે. માલદીવના મંત્રીએ કહ્યું કે આનાથી આપણી કરન્સી પણ મજબૂત થશે. વિશ્વભરમાં ડૉલરને લઈને વધતી જતી ચિંતાઓ વચ્ચે, ભારત જેવા દેશ સાથે સ્થાનિક ચલણમાં વેપાર આર્થિક મજબૂતી પ્રદાન કરશે. ઓગસ્ટ ૨૦૨૨માં તત્કાલિન રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ મોહમ્મદ સોલેહે કહ્યું હતું કે બંને દેશોના નેતાઓ માલદીવમાં રુપે કાર્ડની રજૂઆત



પર ચર્ચા કરી રહ્યા હતા. તેનાથી દ્વિપક્ષીય પર્યટન અને વેપાર વધારવામાં મદદ મળશે. માલદીવ્સનું કહેવું છે કે ભારત અને ચીન બંને પોતાની સ્થાનિક ચલણમાં તેની સાથે વેપાર કરવા સંમત થયા હતા. મતલબ કે આયાતની ચૂકવણી ડોલરને બદલે રૂપિયામાં કરી શકાય છે. આનાથી બંને દેશો વચ્ચેના ૧.૫ મિલિયન ડોલરના આયાત બિલ પર ૫૦ ટકા સુધીની બચત કરવામાં મદદ મળશે. આનો અર્થ એ છે કે માલદીવ ભારત સાથે રૂપિયામાં વેપાર કરીને લગભગ ૭.૫ લાખ ડોલર બચાવી શકશે. ભારતે જુલાઈ ૨૦૨૩માં જ કહ્યું હતું કે આ ૨૨ દેશોમાં માલદીવ પણ સામેલ છે, જે અમારી સાથે સ્થાનિક ચલણમાં વેપાર કરવા ઈચ્છુક છે.

# 'દૂરદર્શન': આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના યુગમાં પ્રવેશ

## ડીડી કિસાન ૨૬મી મે ૨૦૨૪ના રોજ બે એઆઈ એન્કર એઆઈ કૃષ અને એઆઈ ભૂમિ લોન્ચ કરશે

દૂરદર્શન વધુ એક માઈલસ્ટોન હાંસલ કરવા જઈ રહ્યું છે. ૯ વર્ષની અપાર સફળતા પછી, ડીડી કિસાન ૨૬મી મે ૨૦૨૪ના રોજ ભારતના ખેડૂતો માટે એક નવા દેખાવ અને નવી શૈલી સાથે આવી રહ્યું છે. જ્યાં ચેનલનું પ્રેઝન્ટેશન એક નવા સ્વરૂપમાં જોવા મળશે. 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ'ના આ યુગમાં દૂરદર્શન કિસાન દેશની પહેલી એવી સરકારી ટીવી ચેનલ બનવા જઈ રહી છે, જ્યાં બધાની નજર એઆઈ એન્કર પર રહેશે. દૂરદર્શન કિસાન બે એઆઈ એન્કર (એઆઈ કૃષ અને એઆઈ ભૂમિ) લોન્ચ કરવા જઈ રહ્યું છે. આ ન્યૂઝ એન્કર એક કોમ્પ્યુટર છે, જે બિલકુલ માનવ જેવા છે અને માણસની જેમ કામ કરી શકે છે. તેઓ ૨૪ કલાક અને ૩૬૫ દિવસ રોકાયા વગર કે થાક્યા વગર સમાચાર વાંચી શકે છે. ખેડૂત દર્શકો આ એન્કરને દેશના તમામ રાજ્યોમાં કાશ્મીરથી તામિલનાડુ અને ગુજરાતથી અરુણાચલ સુધી જોઈ શકશે. આ એઆઈ એન્કર દેશમાં અને વૈશ્વિક સ્તરે થઈ રહેલા કૃષિ સંશોધનો, કૃષિ વલણો, મંડીઓ, હવામાનમાં ફેરફાર અથવા સરકારી યોજનાઓ સહિતની અન્ય માહિતી વિશે દરેક જરૂરી માહિતી પ્રદાન કરશે. આ એન્કર્સની એક ખાસ વાત એ છે કે તેઓ દેશ-વિદેશની પચાસ ભાષાઓમાં બોલી શકે છે.

ડીડી કિસાનના ઉદ્દેશ્યોમાં સમાવિષ્ટ કેટલાક વિશેષ તથ્યો-

- ખેડૂતોને સમર્પિત ડીડી કિસાન એ દેશની એકમાત્ર ટીવી ચેનલ છે, જેની સ્થાપના ભારત સરકાર દ્વારા કરવામાં આવી છે. આ ચેનલની સ્થાપના ૨૬ મે ૨૦૧૫ના રોજ કરવામાં આવી હતી.
- ડીડી કિસાન ચેનલની સ્થાપનાનો ઉદ્દેશ્ય ખેડૂતોને હવામાન, વૈશ્વિક અને સ્થાનિક બજારો સહિતની બાબતો વિશે હંમેશા માહિતગાર રાખવાનો હતો, જેથી ખેડૂતો અગાઉથી યોગ્ય આયોજન કરી શકે અને સમયસર યોગ્ય નિર્ણય લઈ શકે. ડીડી કિસાન ચેનલ છેલ્લા ૯ વર્ષથી આ ધોરણોને પૂર્ણ કરી રહી છે.
- ડીડી કિસાન ચેનલ દેશના કૃષિ અને ગ્રામીણ સમુદાયની સેવા કરવાના ઉદ્દેશ્ય સાથે પ્રગતિશીલ ખેડૂતોના પ્રયાસોને તમામ લોકો સુધી પહોંચાડવા માટે પણ કામ કરી રહી છે અને તેમને શિક્ષિત કરીને સર્વગ્રાહી વિકાસનું વાતાવરણ બનાવવાની દિશામાં કામ કરી રહી છે.
- ડીડી કિસાન ચેનલ કૃષિના ત્રિ-પરિમાણીય ખ્યાલને મજબૂત કરી રહી છે જેમાં સંતુલિત ખેતી, પશુપાલન અને વૃક્ષારોપણનો સમાવેશ થાય છે.

### આ એઆઈ એન્કર ૫૦ ભાષાઓમાં બોલી શકે છે

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :- Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028